
# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in
LOK PATRIKA
RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૭૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા સુદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 179 • Dt.09-02-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

બોલિવુડ અભિનેતા સલમાન ખાનની રેકીના બે આરોપીઓને જામીન મળ્યા



P.07


પીઢ અભિનેતા નાગાર્જુન તેમના પરિવાર સાથે પીએમ મોદીને મળ્યા

ઈમરાન ખાને યુ-ટર્ન લીધો । હવે પીટીઆઈ લાહોરને બદલે સ્વાબીમાં કાળો દિવસ ઉજવશે



07


09
FEBRUARY- 2025
SUNDAY

07

બેન્જામિન નેતન્યાહૂ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરનારી કોર્ટ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો






















પશ્ચિમી વિક્ષેપ આવવાને લીધે

## આગામી ૨૪ કલાકમાં ઠંડીનું જોર વધવાનીની આગાહી

### નલિયામાં સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે, અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન, નોંધાયું

| અમદાવાદ, તા.૮ |

ગુજરાતમાં હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરી છે. ઉત્તર પૂર્વથી પૂર્વની દિશામાં પ વન રહેતા ઠંડીમાં આંશિક ઘટાડો થયો છે.નલિયામાં સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપ માન નોંધાયું છે, અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન, કંડલામાં ૧૧.૩ ડિગ્રી, ડીસામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૧૩.૩ અને કેશોદમાં ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે, સુરેન્દ્રનગરમાં ૧૫ ડિગ્રી, ભુજમાં ૧૩.૭ ડિગ્રી તાપમાન રહ્યું છે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, પશ્ચિમી વિક્ષેપ આવવાને લીધે હવામાનમાં પલટો આવશે. રાજસ્થાનના ભાગોમાં એક સાઈક્લોનિક સર્કુલેશન રચાશે. બંગાળના ભાગમાં એક એન્ટી સાયક્લોન બનશે. બંગાળ ઉપ સાગર અને અરબ સાગરના ભેજને કારણે દેશના ઉત્તરીય પૂર્વિય ભાગોમાં વાદળો પ હોંચશે. આ પછી પશ્ચિમી વિક્ષેપો આવશે. આ પછી પશ્ચિમી વિક્ષેપો આવશે. આમ એક પછી એક પશ્ચિમી વિક્ષેપોના કારણે દેશના હવામાનમાં પલટો આવશે. આ સાથે ગુજરાતના હવામાનમાં પણ પલટો આવી શકે છે.આઈએમડીએ આગામી ૪ દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે વધારો નોંધ્યો છે, પરંતુ આગામી ૨૪



કલાકમાં સમગ્ર મહારાષ્ટ્ર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપ ાત્ર ફેરફાર થયો નથી. વધુમાં, સમગ્ર મધ્ય ભારતમાં, આગામી ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ૨-૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટવાની આગાહી છે, અને આગામી બે દિવસમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં.પ ૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાન આગામી બે દિવસમાં નોંધપાત્ર રીતે ઘટશે, ૩-૫સી સુધી પહોંચશે, અને પછી આગામી ત્રણ દિવસ સુધી તે યથાવત રહેશે. આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન, ગુજરાતમાં લઘુત્તમ તાપ માનમાં સામાન્ય વધારો, ૨-૩સી સુધી પ હોંચવાનો અંદાજ છે. ગુજરાતમાં હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરી છે. ઉત્તર પૂર્વથી પ ૂર્વની દિશામાં પવન રહેતા ઠંડીમાં આંશિક ઘટાડો થયો છે.નલિયામાં સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે, અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન, કંડલામાં ૧૧.૩ ડિગ્રી, ડીસામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન, નોંધાયું છે.

## સુરતમાં ૧૩૦ની ઝડપે કાર ડિવાઈડર કૂદી, ૫ વાહન લીધા અડફટે

| સુરત, તા.૮ |

સુરતમાં હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. જેમાં ડિવાઈડર કૂદીને પૂર ઝડપે આવી રહેલ કારે ૫ વાહનોને અડફેટે લીધા હતા. જ્યારે કારની અડફેટે આવેલા ૨ લોકોના મોત નિપજ્યા હતા. લસકાણા વાલક અબ્રામ રિંગરોડ પર આ ઘટના બનવા પામી હતી. કારમાં ચાર લોકો હતા. જેમાં એક યુવતી અને ત્રણ યુવાનોનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.સુરતનાં આઉટર રિંગ રોડ પર લસકાણા વાલક અબ્રામા બ્રિજ પર મોડી રાત્રે સર્જાયેલ હિટ એન્ડ રનમાં કાર નં. જી.જે.૦૫ આરએફ ૦૩૧૭ નાં ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કૂદીને રોડની અન્ય તરફ પહોંચી જતા અકસ્માતોની વણઝાર સર્જાઈ હતી.

## સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત થયાનો પરિવારનો આક્ષેપ

| સુરત, તા.૮ |

સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ગર્ભાશયની સારવાર માટે મહિલાને નવી સિવિલ ખસેડાઇ હતી. સારવાર બાદ મહિલાને સિવિલમાંથી રજા આપવામાં આવી હતી. જોકે, અચાનક ફરીથી તબિયત લથડતા મહિલાને અન્ય હોસ્પિટલ લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે.સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષની પરવીન મિર્ઝા નામની મહિલાનું મોત નિપ જ્યું છે. મળતા અહેવાલો મુજબ પ રવીન મિર્ઝા ગર્ભાશયની સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. જોકે, બાદમાં તેને રજા પણ આપી દેવાઈ હતી. પછીથી ફરીથી તબિયત બગડી હતી તો તેને બીજી હોસ્પિટલમાં લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે. સિવિલમાં ઓપરેશન દરમિયાન આંતરડાના ભાગે કટ વાગ્યાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

## સર્કિટ હાઉસમાં એક કપ ચા માટે કલાક રાહ જોવી પડી પૂર્વ મુખ્યમંત્રીને!

| સુરત, તા.૮ |

અંધેર વહીવટનું વધુ એક ઉદાહરણ સુરતમાં જોવા મળ્યું છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કલાકો સુધી તડપાવ્યા હોવાનું બહાર આવતા અંદરોઅંદર સર્વિસ કરનાર નોકરની બદલી કરી દેવાની માગ ઉઠી છે. પૂર્વ મુખ્યમંત્રીને એક કપ ચાનો કડવો અનુભવ થયો છે.

સુરત શહેરમાં લક્ઝુરિયસ સર્કિટ હાઉસમાં રામભરોસે કારભાર ચાલી રહ્યો હોવાનો પૂર્વ મુખ્યમંત્રીને કદાચ આજીવન યાદ રહી જાય તેવો અનુભવ થયો છે. રાષ્ટ્રપતિથી લઈને મુખ્યમંત્રી જે સરકારી આવાસ સર્કિટ હાઉસમાં રોકાણ કરે છે તેનો ખરાબ અનુભવ મંત્રીને થતાં રેઢિયાર કામગીરી સામે આવી છે. ૬ ફેબ્રુઆરીએ પૂર્વ સી.એમ. સુરત એક કાર્યક્રમમાં આવ્યા હતા, સર્કિટ હાઉસમાં તેમને ચોથા માળે દમણગંગામાં રૂમ ફાળવાયો હતો. સવારે ૮ વાગ્યે તેમણે ચાનો ઓર્ડર આપ્યો હતો.કલાક થઈ જતા ચા ન આવતા તેમણે સ્વયં રસોડામાં જઈને પૂછપરછ કરી હતી. છેલ્લે એક કલાક બાદ તેમને ચા મળતાં કાર્યક્રમમાં જવાનું પણ મોડું થઈ ગયું હતું. અંદરના સૂત્રોનું કહેવું છે કે મંત્રીને કડવો અનુભવ થયા બાદ તાત્કાલિક મેનેજરની બદલી કરી દેવી જોઈએ. કોન્ટ્રાક્ટ હેઠળ ચાલતી નોકરીમાં લાલિયાવાડી સામે આવતા આગામી દિવસોમાં કોઈ નિર્ણય લેવાય તેવી પણ શક્યતાઓ વર્તાઈ રહી છે.

ફાયર વિભાગ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો

## અમદાવાદમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનમાં વિકરાળ આગ, ફાયર વિભાગની ૧૪ ગાડીઓએ કાબૂ મેળવ્યો

| અમદાવાદ, તા.૮ |

ગુજરાતના અમદાવાદમાંથી નિર્માણાધીન બુલેટ ટ્રેનના સ્ટેશનમાં આગ લાગી હોવાના સમાચાર સામે આવ્યા છે. શનિવારે (૮ ફેબ્રુઆરી) વહેલી સવારે આ અકસ્માત સર્જાયો હતો. જોકે, અત્યાર આ અકસ્માતમાં કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી. ફાયર વિભાગ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો. જોકે, અત્યાર આ અકસ્માતમાં કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી. ફાયર વિભાગ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો.શું હતી સમગ્ર ઘટના? ગુજરાતના અમદાવાદમાં વહેલી સવારે ૬:૩૦ વાગ્યે સાબરમતી વિસ્તારમાં નિર્માણાધીન બુલેટ



ટ્રેન સ્ટેશનમાં આગ લાગી હતી. આગની સૂચના મળતાં જ ૧૪ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પ હોંચી હતી. પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, આગ પર કાબુ મેળવવામાં ફાયર વિભાગને લગભગ ૨ કલાક જેટલો સમય લાગ્યો હતો.

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ તરફથી આ ઘટનાને લઈને નિવેદન આપવામાં આવ્યું છે. આ નિવેદનમાં જણાવવામાં આવ્યું કે, નિર્માણાધીન સ્ટેશનના એક ભાગમાં છતના શટરિંગમાં આગ લાગી હતી. પહેલી નજરે જોતા આગ લાગવાનું કારણે વેલ્ડિંગ સ્પાર્ક હોય શકે છે. તપાસ બાદ આગ લાગવાનું સ્પષ્ટ કારણ અંગે જાણ થશે આવશે. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના નોંધાઈ નથી. ગુજરાતના અમદાવાદમાંથી નિર્માણાધીન બુલેટ ટ્રેનના સ્ટેશનમાં આગ લાગી હોવાના સમાચાર સામે આવ્યા છે. શનિવારે (૮ ફેબ્રુઆરી) વહેલી સવારે આ અકસ્માત સર્જાયો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરીને અર્ઘ્ય અર્પણ કર્યુ

| ગાંધીનગર, તા.૮ |

કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભ મેળામાં કુંભ સ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગુજરાતમાંથી પણ આ મેળામાં વિશાળ સંખ્યામાં જતા યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન દ્વારા ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલીયનની મુલાકાત પણ મુખ્યમંત્રીએ લીધી હતી.મુખ્યમંત્રીએ શુક્રવારે સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા અને સૌના સુખ સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃ ત્વની સરકારે પ્રયાગરાજ આવતા યાત્રીઓ માટે કરેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને સફાઈ-સ્વચ્છતાનું ધ્યાન રાખવા સાથે યાત્રિકોને કુંભ સ્નાન માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ છે તેમ પણ જણાવ્યું હતું. કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભ મેળામાં કુંભ સ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે.

## પાટણના હારીજમાં મંદિરેથી દર્શન કરી પરત ફરતા યુવતીનું મોત નિપજ્યું

| પાટણ, તા.૮ |

પાટણના હારીજ તાલુકામાં આવેલ ખોડિયાર માતાજી મંદિરમાં એક પરિવાર પ્રતિજ્ઞા પૂર્ણ કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે એક કરૂણ ઘટના સર્જાઈ છે. પાટણના હનુમાનપુરા ગામની ૧૬ વર્ષીય ઉષાબેન બળવંતજી ઠાકોરનું અવસાન થતા પરિવારમાં શોક છવાયો છે. હારીજ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.મળતી વિગતો અનુસાર, વિનુજી બાલાજી ઠાકોર તેમના પરિવાર સાથે ભત્રીજી ભારતીબેનની ઈચ્છા પૂર્ણ કરવા ટ્રેક્ટરમાં ખોડિયાર માતાજીના દર્શન કરવા ગયા હતા. મંદિરેથી બપોરે ૩ વાગ્યે પરત ફરતી વખતે વેજવાડા ગામ પાસે મકાઈ ભરેલી એક પિકઅપ ડાલાએ બાજુ કાપવાનો પ્રયાસ કર્યો અને ટ્રોલીમાં ઉભેલી ઉષાબેનને પૂળાની ટક્કર લાગી હતી. આ ટક્કરને કારણે તે ટ્રેક્ટરમાંથી પ ટકાઈ ગઈ અને પડી ગઈ હતી. પડી જવાથી તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક હારીજ સિવિલ હોસ્પિ ટલમાં ખસેડવામાં આવી હતી.સ્મરંતુ માથામાં, શરીર પર ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે ઉષાબેનનું હોસ્પિ ટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. અકસ્માત સમયે, વિનુજીના ભાઈ નિતેશજી, જે પાછળથી બાઈક પર આવી રહ્યા હતા, તેમણે પિકઅપ ડાલાનો પીછો કર્યો હતો અને હરિજાણા રોડા ગામ પાસે તેને રોક્યો હતો.



ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો

# કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ

## સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદારને સરકારી કામકાજ અર્થે ફાળવેલ સરકારી પેટ્રોલ અને ડીઝલના વાહનો માટે કાયમી ભથ્થું ચૂકવાતું

। ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. હવે પ્રાંત અધિકારી અને મામલતદારને પણ લોગબુકનો જ ઉપયોગ કરવો પડશે.

ગુજરાત સરકાર હવે સરકારી કર્મચારીઓ માટે નવા નિર્ણયો લઈ રહી છે. સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદારને સરકારી કામકાજ અર્થે ફાળવેલ સરકારી પેટ્રોલ અને ડીઝલના વાહનો માટે કાયમી ભથ્થું ચૂકવાતું હતું. જોકે આ કાયમી ભથ્થું ચૂકવવાનો ૨૦૨૨નો પરિપત્ર મહેસુલ વિભાગે રદ કર્યો છે. હવે આ અધિકારીઓએ પણ લોગબુક અને તે માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ વાહનોમાં વપરાતા પેટ્રોલ-ડીઝલની એક્ચ્યુઅલ કિંમત તેમજ દૈનિક ભથ્થું આપવામાં આવશે.

આ અંગે સરકારે જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવ્યું કે, મહેસૂલ વિભાગ હેઠળની જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા




પ્રાંત અધિકારી અને મામલતદારો સરકારી કામકાજ અર્થે ફાળવવામાં આવેલ પેટ્રોલ/ડિઝલ સંચાલિત વાહનો માટે કાયમી મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવે છે. પેટ્રોલ ડિઝલના ભાવોમાં થયેલ વધારા તથા દૈનિક ભથ્થાના દરોમાં થયેલો વધારી લક્ષમાં લઈ સરકારશ્રી બરા પ્રાંત અધિકારી અને મામલતદારો ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાના દરમાં વંચાણે લીધા કમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૨ના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારની પ્રજાલક્ષી સતત ચાલતી પ્રવૃત્તિઓ, યોજનાઓ, કાર્યક્રમોને અસરકારક બનાવવા માટે ક્ષેત્રીય કામગીરી કરતા અધિકારીઓને અવાર-નવાર સરકારી વાહનનો ઉપયોગ કરવાનો થતો હોઈ વંચાણે લીધા ક્રમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૨ના ઠરાવથી મહેસૂલ વિભાગ હસ્તકના પ્રાંત અધિકારી અને મામલતદારો ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાની જગ્યાએ રાજ્ય સરકારના અન્ય અધિકારીઓની જેમ લોગબુક ઉપર લાવવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.ઠરાવઃ કાળજી પૂર્વકની પુખ્ત વિચારણાના અંતે સરકાર દ્વારા વંચાણે લીધા કમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૧/૨૦૨૨નો ઠરાવ આથી રદ કરી તેની જગ્યાએ પ્રાંત અધિકારી અને મામલતદારો કે જેઓને સરકારી કામકાજ અર્થે પેટ્રોલ/ડિઝલ સંચાલિત સરકારી વાહનનો ઉપયોગ કરવાનો થતો હોય તેઓને ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાની જગ્યાએ લોગબુક આધારીત વાહનનો ઉપયોગ કરવા આથી ઠરાવવામાં આવે છે. વધુમાં આ અધિકારીઓ દ્વારા જે મુસાફરી કરવામાં આવે તે માટે પેટ્રોલ કે ડીઝલનો ખરેખર ખર્ચ ઉપરાંત લાગુ પડતા દરે દૈનિક ભથ્થાની બર્ચ ચુકવવાનો રહેશે.લોગબુક આધારીત વાહનોના ઉપયોગ માટે ગુજરાત મુલ્કી સેવા (મુ.ભ.) નિયમો, ૨૦૦૨ તથા તેને બાધિન સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવતી વખતો વખતની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પાટીદાર નેતાએ ટ્વિટ કરીને સરકારનો આભાર માન્યો

# અમદાવાદમાં પિતા-પુત્રીના સંબંધોને શર્મસાર કરતી ઘટના । માતા દ્વારા નોંધાવી ફરિયાદ

। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં પિતા-પુત્રીના સંબંધોને શર્મસાર કરતી ઘટના બની છે. અમદાવાદ શહેરના અમરાઈવાડીમાં સગા પિતાએ પુત્રીની છેડતી કરી દીકરી ગભરાઈ ગઈ હતી. માતાને સમગ્ર હકીકત જણાવતા પિતા વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.અમદાવાદ શહેરમાં વધુ એક વાર પિતા-પુત્રીના સંબંધો શર્મશાર થયા છે. પિતા-પુત્રીના સંબંધોને લાંછન લગાડતો વધુ એક કિસ્સો બનવા પામ્યો છે. શહેરના અમરાઈવાડીમાં સગા પિતાએ પુત્રીની છેડતી કરી હતી. નરાધમ પિતાએ પોતાની પુત્રી સાથે શારીરિક અડપલાં કર્યા હતા. ડરી ગયેલી પુત્રીએ માતાને સમગ્ર હકીકત જણાવતા પિતાનો ભાંડો ફૂટ્યો હતો. માતાએ દીકરીના પિતા સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.અગાઉ અમદાવાદમાં એક સાવકા પિતાએ સગીર દીકરી સાથે અડપલા કર્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. હાલ આ મામલે વટવા પોલીસમાં ફરિયાદ નોંધાતા આરોપી પિતાની ધરપકડ કરવામાં આવી છે.જણાવી દઈએ કે, અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતી સગીરા સાથે તેના સાવકા પિતાએ અડપલાં કર્યા હતા. સાવકા પિતાના સગીરાની માતા સાથે બે વર્ષ પહેલા જ લગ્ન કર્યા હતા. વટવા પોલીસમાં ફરિયાદ નોંધાતા આરોપી પિતાની ધરપકડ કરી હતી.

## ભાણવડમાં બાઇકમાં જઈ રહેલા ૬૫ વર્ષના બુઝુર્ગનું બાઈક પરથી નીચે પટકાઈ પડતાં અપમૃત્યુ

। દેવભૂમિ દ્વારકા,, તા.૮ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.જે દરમિયાન રસ્તામાં એકાએક બાઈક સ્લીપ થઈ ગયું હતું, જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે હેમરેજ સહિતની ઈજા થઈ હોવાથી બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ ઈશાભાઈ ઓસમાણભાઈ સંધિએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.

## જામનગરના નાંદુરી ગામમાં ટ્રેક્ટર પલટી ખાતા શ્રમિકનું મૃત્યુ થયું

। જામનગર, તા.૮ ।

જામનગર જિલ્લાના લાલપુરમાં નાંદુરી રોડ પર એક ટ્રેક્ટર તેના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી ગયું હતું, જે અકસ્માતમાં ટ્રેક્ટરની અંદર બેઠેલા એક શ્રમિક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જયારે અન્ય બે શ્રમિકો ઘાયલ થયા છે. પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધ્યો છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના જાંબુવા ના વતની અને હાલ લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં રહીને મજૂરી કામ કરતા મુકેશ રમેશભાઈ વાસકેલા નામનો ૩૦ વર્ષનો શ્રમિક યુવાન ગઈકાલે જી.જે. ૧૭ ડી.૫૪૮૨ નંબરના ટ્રેક્ટરમાં બેસીને અન્ય શ્રમિકો સાથે હટાણું કરવા માટે જઈ રહ્યા હતા, જે દરમિયાન નાંદુરી ગામની સ્કૂલ પાસે એકાએક ટ્રેક્ટર પલટી મારી ગયું હતું.જે અકસ્માતમાં મુકેશ વાસકેલાને ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઉપરાંત તેની સાથે બેઠેલા રાકેશ અને અનિલ નામના અન્ય બે શ્રમિક યુવાનો ઘાયલ થયા છે, અને તેઓને લાલપુરની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.આ અકસ્માતના બનાવની જાણ થતાં મૃતક મુકેશના ભાઈ કમલેશભાઈ રમેશભાઈ વાશકેલા બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર બનાવ મામલે લાલપુર પોલીસને જાણ કરતાં લાલપુરના પી.એસ.આઈ. એસ.પી. ગોહિલ અને એ.એસ.આઈ. એ. એમ. જાડેજા પોતાની ટીમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મૃતકના ભાઈ કમલેશ વાશકેલાની ફરિયાદના આધારે ટ્રેક્ટરના ચાલક દીવાનભાઈ સામે ગુનો નોંધ્યો છે અને ટ્રેક્ટર કબજે કર્યું છે. જે આરોપી હાલ ભાગી છૂટ્યો હોવાથી પોલીસ તેને શોધી રહી છે. મૃતક યુવાન કે જે પોતાના માસુમ ચાર સંતાનો સાથે પરિવારનું ગુજરાન ચલાવતો હતો અને તેના મૃત્યુથી ચારેય સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે, તેથી પરિવારમાં ભારે ગમગીની છવાઈ છે.






## તંત્રી લેખ..

# વધુ ઉંઘ અયોગ્ય છે

રાત અને દિનમાં પુરતી ઉંઘ મળી હોવા છતાં પણ જો કોઈ વ્યક્તિ દિવસભર ઉંઘ લેતી નજરે પડે છે તો તે આળસ નહી બલ્કે બિમારીના સંકેતો છે અને સાવધાન થઈ જવાની જરૂર છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લીધા બાદ પણ હમેંશા જો ઉંઘ આવતી રહે  છે તો ડિપ્રેશન, ઈન્સોમેનિયા, ડાયાબિટીસ, હાર્ટ ડિસિઝ અથવા તો અન્ય બિમારીના લક્ષણ હોઈ શકે છે. વય અને શારરિક સ્થિતી મુજબ તમામની ઉંઘ અથવા નિંદની અવધિ જુદી જુદી હોય છે. પરંતુ જરૂર કરતા વધારે પ્રમાણમાં ઉંઘ અને વધુ ઉંઘ છતાં પણ કમજોરી લાગે છે તો ખતરનાક સંકેતો છે. ઉંઘ પુરતા પ્રમાણમાં આવી હોવા છતાં સતત ઉંઘ ફિટ નહીં હોવાના સંકેતો આપે છે. કેટલીક બિમારી હોવાના સંકેત આપે છે જેને લઈને અમે વાત કરવા જઈ રહ્યા છીએ. હમેંશા ઉંઘ આવવી અને શરીરમાં કમજોરીનો અનુભવ થવાની બાબત ડિપ્રેશનનો સંકેત આપે છે. આવી સ્થિતીમાં વ્યક્તિનુ કોઈ પણ પ્રકારના કામમાં મન લાગતુ નથી. તેને દિવસભર ઉંઘતા રહેવાની ઈચ્છા થાય છે. ઓબ્સટક્ટિવ સ્લીપ એપ્રિયાનો સીધો સંબંધ ઉંઘ અને શ્વાસ લેવા સાથે સંબંધિત છે. આમાં ઉંઘી જવાની સ્થિતીમાં નાક અને મોના ઉપરના હિસ્સામાં હવા ભરાઈ જાય છે. જેના કારણે મોથી વ્યક્તિ શ્વાસ લેવાની શરૂઆત કરે છે. જ્યારે હવાના દબાણના કારણે નાકથી અવાજ આવવા લાગી જાય છે. આ બિમારીની સ્થિતીમાં ફેફસાને હવા બહાર નિકાળવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ બિમારીના મુખ્ય લક્ષણમાં નીંદમાં બેચેની, અનુભવ કરવાની બાબત સામેલ છે. દિવસમાં વધારે ઉંઘી જવાની બાબત અને હમેંશા સુસ્ત રહેવાની બાબત પણ જોવા મળે છે. હમેંશા થાકનો અનુભવ થાય છે. કોઈ ચીજ પર મન લાગી શકતુ નથી. ઉંઘતી વેળા શ્વાસમાં અડચણો પણ ઉભી થાય છે. આ તમામ બાબતો સ્લીપ અપ્રિયામાં જોવા મળે છે. આવી જ રતે ફાઈબ્રોમાએલ્જિયા નામની તકલીફ પણ થઈ શકે છે. આ રોગનુ મુખ્ય કારણ ચોક્કસ છે. માંસપેશીમાં પીડાની સાથે સાથે થાક લાગે છે. આ બિમારીની યોગ્ય ઓળખ અને સમજ ન હોવાની સ્થિતીમાં આની સારવારમાં ખુબ સમય લાગે છે. ફાઈબ્રોમાયલ્જિયા  મસ્કુલોસ્લેટલના કામને પ્રભાવિત કરે છે. જેના કારણે તંત્રિકા તંત્ર પણ યોગ્ય દિશામાં કામ કરી શકતા નથી. આવી સ્થિતીમાં એકાગ્રતાની કમી રહે છે. થાક પણ લાગે છે. ઈડિયોપૈથિક હાઈપરસોમનિયા પણ જોવા મળે છે. કેટલાક કેસમાં આ તકલીફ રહે છે . જેમાં રાતના ગાળા દરમિયાન પુરતી ઉંઘ લેવામાં આવી હોવા છતાં દિનમાં લાંબા સમય સુધી ઉંઘ આવે છે. આ બિમારીમાં વ્યક્તિ ૧૦ કલાકથી પણ વધારે સમય સુધી ઉંઘી જાય છે. વધારે પ્રમાણમાં ઉંઘ છતાં તેને રિલેક્સનો અનુભવ થતો નથી. તેને ફરી ઉંઘી જવાની ઈચ્છા હોય છે. આવી  રી રિકરેન્ટ હાઈપરસોમનિયામાં વધારે ઉંઘ આવે છે. આમાં ૧૮ કલાક સુધી વ્યક્તિ ઉંઘે છે. જાણકાર નિષ્ણાંતા કહે છે કે ઈડિયોપૈથિક હાઈપરસોમનિયામાં ૧૦ કલાક કરતા પણ વધારે ઉંઘ વ્યક્તિને આવે છે. વધારે ઉંઘ થાક નહી પરંતુ બિમારીના સંકેત તરીકે છે.

# જ્યાંથી ખતમ ત્યાંથી નવી શરૂઆત

તલાકને લઈને સમાજમાં હમેંશા ચર્ચા રહે છે. તલાકના સંબંધમાં જાણકાર લોકો કહે છે કે તલાક એક ખરાબ સપના સમાન છે જ્યારે લગ્ન એક સારા સપના સમાન છે. તલાકની પિડા કોઈ વ્યક્તિ સહન કરવા માટે તૈયાર નથી પરંતુ કેટલાક લોકોની પરિણિત લાઈફ એટલી હદ સુધી વણસી જાય છે કે ઈચ્છા ન હોવા છતાં વ્યક્તિને આ પિડામાંથી પસાર થવાની ફરજ પડે છે. જાણકાર લોકો તો અહીં સુધી કહે છે કે જ્યાંથી તમામ બાબતો ખતમ થઈ ત્યાંથી નવેસરથી શરૂઆત કરવાની જરૂર હોય છે. શક્ય હોય ત્યાં સુધી મતભેદોને દુર કરવા માટે તમામે પ્રયાસ કરવા જોઈએ. જો કે આ બાબત મોટા ભાગના કેસમાં કરવામાં આવે છે પરંતુ આખરે તલાક થાય છે. તલાક વ્યક્તિને ઉદાસ, એકલાપણામાં ધકેલી નાંખે છે. સાથે સાથે તલાક આપને આર્થિક તંગી વચ્ચે છોડી દે છે. લાખ પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ આ જરૂરી નથી કે અસંતુષ્ટ અને નાખુસ લાઈફને આગળ વધારી દેવામાં આવે. લાઈફ ખુબ લાંબી અને કિંમતી છે આની કિંમત સમજી લેવામાં આવે તે જરૂરી છે. સકારાત્મક વિચારધારા સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. ટેકનિક બદલાઈ રહી છે. યુગ બદલાઈ રહ્યા છે. પરંતુ તલાકશુદા સ્ત્રી પ્રત્યે સમાજની ધારણા બદલવાનુ નામ લેતી નથી. જેથી આજે પણ તલાક લીધેલી મહિલા એકલામાં રહેવાનુ પસંદ કરે છે. કારણ કે તલાક બાદ જ્યારે કોઈ મહિલા ફરી વાર ઘર બનાવવા માટે પ્રયાસ કરે છે ત્યારે તેને ખરી ખોટી સાંભળવાની ફરજ પડે છે. કદાચ આજ કારણ છે કે કેટલાક લોકો જ આ મોડ પર જીવનની નવી શરૂઆત શાન સાથે કરી શકે છે. મોટા ભાગના લોકો એકલાપણામાં જ જીવન ગાળવાનુ નક્કી કરે છે. તલાક બાદ એક નવા સંબંધની શરૂઆત કરનારા લોકો કહે છે કે લાઈફને શાન સાથે જીવવામાં આવે તે જરૂરી છે. કેટલાક રૂઢીવાદી લોકો કહે છે કે ભારતમાં મહિલાઓના બીજા વખત લગ્ન યોગ્ય નથી. કેટલાક વિષય અને પરિસ્થિતી એવી છે જેની સામે મહિલાઓને લડવાની ફરજ પડે છે. સામાજિક જાણકાર લોકો અને બુદ્ધિજીવી લોકો નક્કરપણે માને છે કે એક સંબંધ ખતમ થઈ ગયા બાદ બીજા સંબંધની શરૂઆત કરી શકાય છે. દરેક વ્યક્તિની પોતાની લાઈફ છે. તે કોઈ પણ રીતે જીવી શકે છે. વ્યક્તિએ પોતાની રીતે લાઈફ ગાળવી જોઈએ. તલાકની સાથે જીવન  ખતમ થવાની ભાવના અથવા તો સમાજના ભયની સાથે લગ્ન નહીં કરવાની બાબત પણ યોગ્ય નથી. જો લાદેલી લાઈફ કોઈ વ્યક્તિ તલાક બાદ જીવે છે તો તે દિશામાં ફરી વિચારણા કરવાની જરૂર છે., લોકો શુ કહેશે તેને લઈને કોઈ ચિંતા કરવી જોઈએ નહીં. દુનિયાવાળા લોકોના ભયથી કોઈ વ્યક્તિ જીવાનુ છોડી શકે નહીં. કોઈ લગ્ન કરે, કોઈ વિલંબથી કરે, સાયકોલોજિસ્ટ નિષ્ણાંતોનુ કહેવુ છે કે સમાજની ભૂમિકા આજકલ સોશિયલ મિડિયા દ્વારા પણ અદા કરવામાં આવે છે. જેના કારણે લોકો બીજાના ફોટોને ખરાબ રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. ખરાબ ટિપ્પણી કરવામાં આવે છે. મુશ્કેલમાં રહેતા લોકોને વધારે મુશ્કેલમાં મુકવાના પ્રયાસ સોશિયલ મિડિયામાં ચોક્કસ લોકો દ્વારા કરવામાં આવે છે. પોતે આ બાબતમાં આગળ રહે છે.



**કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ બીઆઇએમએસટીઇસી યુવા સમિટ ૨૦૨૫નો શુભારંભ કર્યો, ૧૧ ફેબ્રુઆરી સુધી ગુજરાતના ગાંધીનગરમાં સમિટ મળશે**

**ભારત વૈશ્વિક સ્તરે સૌથી યુવાન વસતિ ધરાવતો દેશ છે, જેની સરેરાશ ઉંમર ૨૮ વર્ષ છે અને ૩૫ વર્ષથી ઓછી ઉંમરની વસતિના ૬૫ ટકાથી વધારે છે . એ જ રીતે,  બીઆઇએમએસટીઇસી દેશો સામૂહિક રીતે તેમની ૬૦ ટકાથી વધુ વસતી ૩૫ વર્ષથી ઓછી વયના લોકો ધરાવે છે**

# ગુજરાતના ગાંધીનગરમાં બીઆઇએમએસટીઇસી યુવા સમિટનું આયોજન કરવામાં આવ્યું

**ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે : ડો. મનસુખ માંડવિયા**

આ વર્ષની સમિટની થીમ યુથ બ્રીજ ફોર ઈન્ટ્રા બીઆઈએમએસટીઈસી એક્સચેન્જ'' સમયસર અને મહત્ત્વપૂર્ણ છેઃ ડૉ. મનસુખ માંડવિયાવર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી બીઆઈએમએસટીઈસી સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે, વૈશ્વિક સ્તરે રોકાણ આકર્ષિત કરશે, તાલીમ સુવિધાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય રમતગમત ભાગીદારીને પ્રોત્સાહન આપશેઃ ડૉ. મનસુખ માંડવિયાભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોનો વિભાગ દ્વારા ગુજરાતના ગાંધીનગરમાં બીઆઈએમએસટીઈસી યુવા સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. જેમાં બીઆઈએમએસટીઈસી યૂથ સમિટનો શુભારંભ થયો. બીઆઈએમએસટીઈસી યુવા શિખર સંમેલનનો શુભારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૭માં બીઆઈએમએસટીઈસીની રચના થઈ ત્યારથી અમે ઘણી લાંબી મજલ કાપી છે. બીઆઈએમએસટીઈસી ક્ષેત્રમાં આશરે ૧.૮ અબજ લોકો વસે છે, જે વૈશ્વિક વસતિના લગભગ ૨૨ ટકા અને સંયુક્ત જીડીપી ૪.૫ ટ્રિલિયન ડોલર ધરાવે છે. તે માત્ર પ્રાદેશિક જૂથ જ નથી, પરંતુ તે આર્થિક સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થાયી વિકાસ માટે એક સહિયારું વિઝન છે. વર્ષ ૨૦૧૮માં કાઠમંડુમાં ચોથી બીઆઈએમએસટીઈસી સમિટ યોજાઈ હતી, જેમાં ભારતનાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ બીઆઈએમએસટીઈસીનાં માળખાની અંદર યુવાનોનાં જોડાણની કલ્પના કરી હતી, જે આ જ સમિટની શરૂઆત તરફ દોરી જશે.ડૉ. મનસુખ માંડવિયાએ વધુમાં જણાવ્યું કે, આ શિખર સંમેલન સમગ્ર બીઆઈએમએસટીઈસી દેશોમાં યુવા માનસને સશક્ત બનાવવાની દિશામાં એક પગલું છે. સહયોગને પ્રોત્સાહન આપવું, અનુભવોનું આદાન-પ્રદાન કરવું અને સમગ્ર પ્રદેશમાં યુવાનોની આગેવાની હેઠળના વિકાસને વેગ આપવો તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે.કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ વર્ષની સમિટની થીમ યુથ બ્રીજ ફોર ઈન્ટ્રા-બિમ્સ્ટેક એક્સચેન્જ સમયસર અને મહત્ત્વપૂર્ણ છે. બીઆઈએમએસટીઈસી યુથ બ્રિજ મારફતે પરિવર્તનકારી પ્લેટફોર્મની કલ્પના કરે છે, જે ગતિશીલ, બહુ-ક્ષેત્રીય પ્રાદેશિક યુવા ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા પરંપરાગત સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાનપ્રદાનથી આગળ વધશે. તેમણે કહ્યું કે, ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે, જે બીઆઈએમએસટીઈસીનાં તમામ દેશોમાં યુવાન નેતાઓને સશક્ત બનાવશે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું, વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી બીઆઈએમએસટીઈસી સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે, વૈશ્વિક સ્તરે રોકાણ આકર્ષિત કરશે, તાલીમ સુવિધાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય રમતગમત ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તેનાથી યુવા રમતવીરો માટે નવા માર્ગો ખુલશે, ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન મળશે અને રમતગમતમાં પ્રાદેશિક સહયોગ સ્થાપિત થશે.કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા દાયકામાં ભારતે નોંધપાત્ર પરિવર્તન કર્યું છે અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાષ્ટ્ર "ફ્રેજીલ ફાઈવ " અર્થતંત્રોમાંનું એક બનવાથી વિશ્વના "ટોચના પાંચ" અર્થતંત્રોમાંનું એક બનવા તરફ વિકસિત થયું છે.કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ યુવાનો-સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે. ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે. આજે દેશમાં ૧૫૭,૦૦૦થી વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સ છે, જેમાંથી ૪૮ ટકામાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરનો સમાવેશ થાય છે, જે સમૃદ્ધ અને સર્વસમાવેશક સ્ટાર્ટઅપ લેન્ડસ્કેપને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, "મેક ફોર ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ"ને મજબૂત કરવા માટે ભારત પાંચ નેશનલ સેન્ટર્સ ઓફ એક્સલન્સની સ્થાપના કરી રહ્યું છે, જે યુવાનોને આધુનિક ઉત્પાદન કૌશલ્યોથી સજ્જ કરવા વૈશ્વિક કુશળતાનો ઉપયોગ કરે છે.ડૉ. માંડવિયાએ જણાવ્યું કે, એમવાય ભારત નામનો એક રાષ્ટ્રીય મંચ સ્થાપિત કર્યો છે.આ પ્લેટફોર્મ પર રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે રોકાયેલા ૧૫ મિલિયન યુવાનોની નોંધણી થઈ ચૂકી છે. તેમણે વધુમાં કહ્યું કે, આ વર્ષે જાન્યુઆરીમાં અમે પ્રથમ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ" નું આયોજન કર્યું હતું, જેણે યુવાનોની સક્રિય ભાગીદારી અને યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપ્યું હતું. આ સ્પર્ધામાં ૩૦ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો અને પડકારના વિવિધ તબક્કાઓમાં ભાગ લીધો હતો. યુવાન નેતાઓને ભારત માટે તેમના વિચારો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી સમક્ષ પ્રત્યક્ષ રીતે પ્રસ્તુત કરવાની તક મળી.




**મેડિસન : તબીબના કહેવા મુજબ દવા લેવાય તો વહેલી તકે ફાયદો...**

**દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ**

# દવા લેતા પહેલા ખાસ નિયમો સમજો

**આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઇફ જીવી રહ્યા છે આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઇ લે છે**

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બિમારી દરમિયાન જો તબીબના કહેવા મુજબ અને તેમની સલાહ મુજબ આગળ વધવામાં આવે તો વહેલી તકે સ્વસ્થ થવાની સંભાવના ૧૦ ટકા વધી જાય છે. જેથી કહેવામાં આવે છે કે દવા લેવા માટેના પણ કેટલાક નિતિ નિયમો અને કાયદા છે. આ તમામ નીતિ નિયમો અને કાયદાની ઉપેક્ષા કરી શકાય નહીં. કોઈ પણ ઉપેક્ષા કરવાની સ્થિતીમાં દર્દીની વહેલી તકે સ્વસ્થ થવાની તક ઘટી જાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે દવા કોઈ પણ કેમ ન હોય તે અમારા શરીરમાં અમુક ચોક્કસ સમય અને કલાક સુધી જ કામ કરે છે.

તબીબો તેના આધાર પર જ દવાના ડોઝ પણ બનાવે છે. સાથે સાથે તેના આધાર પર ડોઝ આપે છે. જો કોઈ તબીબ કોઈ બિમારીની સ્થિતીમાં દર્દીને એક દિવસમાં ત્રણ વખત લેવાની સલાહ આપે છે તો આનો અર્થ એ થાય છે કે દવાના ડોઝ આઠ કલાક સુધી શરીરમાં સક્રિય રહે છે. દવાની કોઈ પ્રતિકુળ અસર થઈ છે તો તેની જાણ તરત જ તબીબને કરવામાં આવે તે જરૂરી છે. દવાની ગોળીઓ,



કેપ્સુલ અથવા તો લિક્વિડ પ્રમાણમાં રહેલી દવાની બોટલોને યોગ્ય તાપમાન પર રાખવામાં આવે તે જરૂરી છે. દવાને બાળકના હાથમાં ન આવે તેવી જગ્યાએ રાખવામાં આવે તે પણ જરૂરીછે. કોઈ પણ દવાની ખરીદી પણ સત્તાવાર કેમિસ્ટથી જ કરવામાં આવે તે જરૂરી છે. દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઈએ. દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઈ લેવી જોઈએ. જો એક્સપાયરી ડેટ નિકળી ગઈ છે તો દવા તરત ફેંકી દેવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની દવાનો ઉપયોગ કરવાની સ્થિતીમાં તે વધારે અસરકારક સાબિત થતી નથી. તેની આડ અસર પણ થઈ શકે છે. ક્યારેય પપણ અંધારામાં દવા લેવી જોઈએ નહી. કેટલીક વખત એવી ભુલ થઈ શકે છે જે જીવલેણ સાબિત થઈ શકે છે. નિષ્ણાંતો અને જાણકાર લોકો કહે છે કે તબીબ દ્વારા જેટલા દિવસની દવા લેવા માટે કહેવામાં આવ્યુ છે તેટલા દિવસ સુધી જ દવા લેવી જોઈએ. તબીબના નિર્દેશ મુજબ દવા લેવાથી કોઈ પણ બિમારીમાં સ્વસ્થ થવાની શક્યતા ૧૦ ટકા વધી જાયછે. વહેલી તકે સ્વસ્થ થવા માટે તબીબના દિશાનિર્દેશ મુજબ આગળ વધવાની જરૂર હોય છે. સામાન્ય રીતે એવુ બને છે કે દવા લીધા બાદ આરામ થવાની સ્થિતીમાં દવા બંધ કરી દેવામાં આવે છે. દવાનુ પ્રમાણ પોતાના મન અને સુવિધાથી ઘટાડી દેવાની સ્થિતીમાં પણ જે સ્થિતીમાં સુધારો થયો છે તેની પાછી માઠી અસર થઈ શકે છે. બીજી બાજુ આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઈ પણ દવા જાતે લઈ લેવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેની અનેક આડ અસર પણ થઈ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઈફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઈ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઈ ઈલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કોઈ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં  જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઈ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઈ લે છે. પરંતુ આવી દવા જાતે લઈ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઈ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઈક્રોબાઈલ એજન્ટ તરીકે પણ જાણીતી છે.

**બી અવેયર : રેડ મીટ ખાવાવાળી મહિલાઓમાં કેન્સરનો ખતરો વધુ । રેડ મીટ અને બ્રેસ્ટ કેન્સરના સંબંધ**

# રેડ મીટના ફાયદા વધારે છે કે નુકસાન વધારે છે તેને લઇને હેમંશા વિરોધોભાસી હેવાલ આવતા રહ્યા છે જેથી લોકોમાં હમેંશા દુવિધા રહે છે

રેડ મીટ ખાવાને લઈને નુકસાન છે કે ફાયદા તેને લઈને વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલાક તારણ સપાટી પર આવ્યા છે. રેડ મીટના ફાયદા અને નુકસાનને લઈને વારંવાર હેવાલ આવતા રહે છે. હવે નવા અહેવાલ સપાટી પર આવ્યા છે. હાલમાં જ અમેરિકામાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેડ મીટ અને સ્તન કેન્સર અથવા તો બ્રેસ્ટ કેન્સર વચ્ચે સીધા સંબંધ રહેલા છે. ઈન્ટરનેશનલ જર્નલ ઓફ કેન્સરમા પ્રકાશિત હેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે.

સાત વર્ષ સુધી ૪૨૦૧૨ મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. જુદા જુદા પ્રકારના મીટ વધુ પ્રમાણમાં ખાવાવાળી મહિલાઓને આ અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવી હતી. માંસ અથવા તો મીટ ખાવા અને તેને બનાવવાના તરીકા અંગે અભ્યાસ કરવામાં આવ્યા બાદ તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના ગાળા દરમિયાન ૧૫૩૬ મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર અંગે માહિતી મળી હતી. રેડ મીટ ઓછુ ખાવાવાળી મહિલાઓની તુલનામાં રેડ મીટ વધારે ખાવાવાળી મહિલાઓમાં સ્તન કેન્સરનો ખતરો વધારે જોવા મળ્યો છે.

રેડ મીટ વધારે ખાવાવાળી મહિલાઓમાં ખતરો ૨૩ ટકા વધારે રહ્યો છે. નિષ્ણાંતોના કહેવા મુજબ રેડ મીટમાં એવા વાયરસ હોય છે જે રોગ પ્રતિકારક ક્ષમતાને મજબુત બનાવે છે. શરીરમાં બળતરા થાય છે. આમાં ટ્યુમર કોશિકા પણ રહેલી હોય છે. જેથી આવી કોશિકા બનવાની ક્ષમતા વધી જાય છે. રેડ મીટને લઈને વિરોધાભાસી હેવાલ હમેંશા આવતા રહ્યા છે. આના મામલે કેટલાક અભ્યાસમાં રેડ મીટ ખતરનાક હોવાની વાત કરવામાં આવી છે. જ્યારે કેટલાક હેવાલમાં તેના ફાયદા હોવાની વાત કરવામાં આવી છે. જેના કારણે આને લઈને દુવિધા રહેલી છે.

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અન્ય  નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેડમીટ અથવા તો લાલ માંસમાં કાપ મુકનાર મહિલાઓમાં ડિપ્રેશન અને અન્ય તકલીફો વધવાનો ખતરો વધી જાય છે. અગાઉ કરતા જુદા તારણો નવા અભ્યાસમાં સપાટી ઉપર આવ્યા છે. રેડમીટ ખાવા અને નહીં ખાવાને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. કેટલાક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે રેડમીટ ખતરનાક છે. અને તે નુકશાન પહોંચાડે છે. નવા અભ્યાસમાં દાવો કરાયો છે કે રેડમીટ ઘટાડી દેનાર મહિલાઓમાં ડિપ્રેશનની શક્યતા વધી જાય છે. ઓસ્ટ્રેલિયામાં ડેકિન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે રેડમીટમાં કાપ મુકી દેનાર મહિલાઓ ડિપ્રેશનથી સામાન્ય મહિલાઓ કરતા બે વખત શિકાર થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે ૧૦૦૦ જેટલી મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના કેટલાક રસપ્રદ  અને  તારણ જાણવા મળ્યા હતા. યુનિવર્સિટીના નિષ્ણાંતોએ કહ્યું છે કે અમે મૂળભુત રીતે માન્યે છે કે રેડમીટ માન્સિક આરોગ્ય માટે યોગ્ય નથી.

અગાઉના ઘણા દેશોમાં પણ અભ્યાસના આ મુજબના તારણ આવી ચુક્યા છે. જેમાં જણાવાવમાં આવ્યુ છે કે રેડમીટ ખાવાથી શારિરીક આરોગ્યને જોખમ રહે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે ઓછા પ્રમાણમાં રેડમીટ ખાવાથી એકંદરે આરોગ્ય માટે યોગ્ય છે. સપ્તાહમાં ત્રણથી ચાર પીસ પામ સાઈઝના રેડમીટ ખાવાની સલાહ આપવામાં આવી છે. જેનાથી ડિપ્રેશન અને અન્ય રોગ સામે લડવાની તાકત વધી જાય છે. રેડમીટમાં ખૂબ જ ઉચ્ચસ્તરના પોષક તત્વો હોય છે. જેમાં ઓમેગા-૩ ફેટી એસિડનો સમાવેશ થાય છે. જે શારિરીક આરોગ્યની સાથે સાતે માન્સિક આરોગ્ય માટે પણ યોગ્ય છે. ન્યુટ્રીશનના નિષ્ણાંત ડૉક્ટર જીવેશ શેટ્ટીએ કહ્યું છે કે રેડમીટમાં ઉપરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે ભુખને વધારવામાં પણ ઉપયોગી બને છે. ખુશ રાખવામાં મદદરૂપ બને છે. રેડમીટમાં વિટામીન બીના શોર્સ હોય છે જે વધુ ઉર્જા ભરવામાં મદદરૂપ બને છે. અલબત્ રેડમીટ આરોગ્ય માટે આદર્શ છે પરંતુ વધારે પડતા ફેટને ટાળવા પ્રમાણ ઓછો રાખવો જોઈએ.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

### કેજરીવાલ,સિસોદિયા સહિતના નેતાઓનો પરાજયા સાંજના પાંચ વાગ્યા સુધી ૫૮ ટકા મતદાન થયું હતું

# દિલ્હીમાં ૨૭ વર્ષ પછી કમળ ખીલ્યું । આપ સત્તામાંથી બહાર

## ૫ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં, ૧.૫૫ કરોડ લાયક મતદારોમાંથી ૬૦.૫૪ ટકા લોકોએ મતદાન કર્યું હતું । કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના વધુ પડતા આત્મવિશ્વાસને કારણે તેમનું પતન થયું

। નવીદિલ્હી, તા.૮ ।

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ અરવિંદ કેજરીવાલની પાર્ટીને હરાવી. ૨૦૧૨ના આંદોલનમાંથી ઉભરી આવેલી આમ આદમી પાર્ટી પહેલીવાર દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી હારી ગઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી ભાષણોમાં કેજરીવાલની પાર્ટીને 'આપ-દા' તરીકે સંબોધિત કરી હતી. આમ આદમી પાર્ટી દિલ્હીના લોકો માટે ખતરો હોવાનું કહેવાય છે. હવે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ૨૭ વર્ષ પછી દિલ્હીમાં સત્તામાં પરત ફરવા જઈ રહી છે.દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોમાંથી ભાજપને ૪૮ બેઠકો મળી છે.જયારે આપને ૨૨ બેઠકો મળી છે જયારે સતત ત્રીજીવાર કૉંગ્રેસ પોતાનું ખાતુ ખોલાવી શકી નથી.કૉંગ્રેસ મોટાભાગની બેઠકો પર ત્રીજા સ્થાને રહી અને આમ આદમી પાર્ટીને સીધું નુકસાન પહોંચાડ્યુંચૂંટણી પરિણામોમાં, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા દિલ્હી સરકારના ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન અને સૌરભ ભારદ્વાજ સહિત શાસક પક્ષના ઘણા અન્ય અગ્રણી નેતાઓ ચૂંટણી હારી ગયા છે.







### ચુંટણીમાં પરાજય બાદ અરવિંદ કેજરીવાલે નિવેદનમાં ભાજપને જીત માટે અભિનંદન આપ્યા

ચુંટણીમાં પરાજય બાદ અરવિંદ કેજરીવાલે નિવેદનમાં ભાજપને જીત માટે અભિનંદન આપ્યા હતાં અને જનાદેશ સ્વીકાર્યો હતાં આ સાથે દિલ્હીના લોકોની અપેક્ષાપૂર્ણ થવાની આશા વ્યકત કરી હતી.તેમણે એમ પણ કહ્યું હતું કે જયારે જનતાએ તેમને ૧૦ વર્ષ માટે સત્તા આપી ત્યારે તેમણે દિલ્હીના લોકોના જીવનને સુધારવા માટે ઘણુ કામ કર્યું છે હવે જયારે તેમને વિપક્ષની જવાબદારી મળી છે તો તેઓ તેને સારી રીતે નિભાવશે તેમણે કહ્યું હતું કે તેઓ સત્તા માટે રાજકારણમાં આવ્યા નથી તેમનો પક્ષ માને છે કે રાજકારણ સેવાનું સાધન છે અને આપ સત્તાથી દુર રહીને પણ લોકોની સેવા કરી શકે છે કેજરીવાલે પાર્ટીના કાર્યકરોને અભિનદન આપતા કહ્યું હતું કે તમે ખુબ સારી ચુંટણી લડી આ સમયગાળા દરમિયાન તમારે ઘણુ સહન કરવું પડયું પરંતુ તમે સંપૂર્ણ મહેનત સાથે સારી ચુંટણી લડી આ માટે અભિનંદન આપ્યા.

### દિલ્હીમાં કેજરીવાલની સરકારની હારના ૫ મુખ્ય કારણો થી પરાજય થઇ

આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો પરાજય થયો છે. ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ પોતે નવી દિલ્હી બેઠક પરથી ચૂંટણી હારી ગયા છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હારના પાંચ મુખ્ય કારણો જોઈએ તો દિલ્હીની સત્તામાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું વચન આપીને અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા. જ્યારે અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી હતા, ત્યારે તેમના ઘણા મંત્રીઓ ભ્રષ્ટાચારના કેસમાં ફસાયા હતા અને તેમને રાજીનામું આપવું પડ્યું હતું. આ સાથે, અરવિંદ કેજરીવાલ પર દિલ્હીના મુખ્યમંત્રી હતા ત્યારે દારૂ કૌભાંડનો પણ આરોપ લાગ્યો હતો. અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી હતા ત્યારે આ આરોપોને કારણે જેલમાં જવું પડ્યું હતું. અરવિંદ કેજરીવાલની સાથે, મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન પણ ભ્રષ્ટાચારના આરોપમાં જેલ ગયા.

### મોદીએ દિલ્હીમાં ભાજપની જીતને વિકાસ અને સુશાસનની જીત ગણાવી

દિલ્હીમાં ભાજપની જીતને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ભાજપની જીતને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. પીએમ મોદીએ કહ્યું કે માનવશક્તિ સર્વોચ્ચ છે. આ વિકાસ અને સુશાસનનો વિજય છે. દિલ્હીના મારા બધા ભાઈઓ અને બહેનોને ઐતિહાસિક વિજય અપાવવા બદલ મારા સલામ અને અભિનંદન. તમે મને આપેલા પુષ્કળ આશીર્વાદ અને પ્રેમ માટે હું તમારા બધાનો ખૂબ ખૂબ આભારી છું.પીએમ મોદીએ ટ્વીટ કર્યું કે તેમની પાર્ટીની સરકાર દિલ્હીના સર્વાંગી વિકાસ અને અહીંના લોકોનું જીવન વધુ સારું બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે મને દરેક ભાજપ કાર્યકર્તા પર ગર્વ છે જેમણે ખૂબ જ મહેનત કરી છે અને આ અદ્ભુત પરિણામ સુધી પહોંચ્યા છે. અમે વધુ ઉત્સાહ સાથે કામ કરીશું અને દિલ્હીના અદ્ભુત લોકોની સેવા કરીશું.પ્રધાનમંત્રી મોદીએ લોકોને ખાતરી આપી હતી કે અમે દિલ્હીના સર્વાંગી વિકાસ અને અહીંના લોકોનું જીવન વધુ સારું બનાવવા માટે કોઈ કસર છોડીશું નહીં. આ અમારી ગેરંટી છે.

### બરેલીમાં વરરાજા સહિત બે લોકોના મોત, લગ્ન દિવસે થયા, રાત્રે દુર્ઘટના બની

। બરેલી, તા.૮ ।

